| | | | | |
|---|---|---|---|---|
| Presented on | : | 18-04-2024 | | |
| Registered on | : | 02-07-2024 | | |
| Decided on | : | 10-04-2026 | | |
| Duration | : | Years | Months | Days |
| | | 02 | 09 | 8 |

**IN THE COURT OF 2 nd ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. AT, BHAVNAGAR**

**(Presided Over by J.P.Prajapati)**

**CC/3845/2024**

**Exhibit No.**

| | |
|---|---|
| ફરિયાદી:- | **અશોકભાઇ તોલારામ રાજાઇ**<br>રહે.લક્ષ્મી એપાર્ટમેન્ટ,<br>સરદારનગર રોડ,<br>દિવડી પાસે,ભાવનગર |
| ફરિયાદપક્ષે:- | વિ.વકિલશ્રી કે.એચ.સોમાણી |
| આરોપી:- | **ખેંગારભાઇ વીભાભાઇ સીંધવ**<br>રહે. સરવા, તા.જિ.બોટાદ |
| બચાવપક્ષે:- | વિ.વકિલશ્રી એચ.પી.સાટીયા |

| | |
|---|---|
| ગુનાની તારીખ:- | --- |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ :- | --- |
| આખરી અહેવાલ / ફરિયાદ રજુ થયા તારીખ:- | ૧૮/૦૪/૨૦૨૪ |
| તહોમતનામુ/પ્લી ઘડ્યા તારીખ:- | ૨૩/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરુ કર્યા તારીખ:- | - |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:- | ૧૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:- | ૧૦/૦૪/૨૦૨૬ |
| આખરી હુકમ:- | સજા કરી |

**// આરોપીની વિગત//**

| અનુ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકતીની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા, સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ખેંગારભાઇ વીભાભાઇ સીંધવ** | - | - | નેગો કલમ-૧૩૮ | સજા કરી | છ માસ | -- |

**-: ચુકાદાનું પરિશિષ્ટ:-**

ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી

**અ. ફરિયાદપક્ષ**

| અનુ. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ફરિયાદી **અશોકભાઇ તોલારામ રાજાઇ**નું પુરાવાનું સોગંદનામું | ૪ | ફરિયાદી |

**બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો**

| અનુ. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**ક.અદાલતના સાક્ષી, જો હોય તો**

| અનું. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી

**અ. ફરિયાદપક્ષ**

| અનું. | આંક | દસ્તાવેજ |
|---|---|---|
| ૧ | ૧૩ | વાહન વેચાણ કરાર |
| ૨ | ૧૪ | વીમાનું કલેઇમ ફોર્મ |
| ૩ | ૧૫ | અસલ ચેક નં.૦૧૦૭૭૪ |
| ૪ | ૧૬ | રીટર્ન મેમો |
| ૫ | ૧૭ | નોટિસ |
| ૬ | ૧૮ | પોસ્ટની રસીદ |
| ૭ | ૧૯ | એકનોલેજમેન્ટ સ્લીપ |
| ૮ | ૨૦ | આધારકાર્ડની નકલ |

**બ.બચાવપક્ષ**

| અનુ. | આંક | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ક.અદાલતી સાક્ષી**

| અનુ. | આંક | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ડ.ભૌતિક પદાર્થ**

| અનુ. | આંક | વર્ણન |
|---|---|---|
| – | – | – |

## JUDGMENT

**ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરૂધ્ધનું તહોમત:**

**૦૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** ફરિયાદીએ તા.૧૨/૦૪/ ૨૦૧૭ ના રોજ નોટરાઇઝ વેચાણ કરાર નં.૧૮૨ થી આરોપી પાસેથી અશોક લેલન્ડ ટ્રક નં.જી.જે.૦૩ બી.ટી.૯૫૧૧ જે આરોપીએ ચોલા મંડલમ ફાઇનાન્સ કંપની દ્વારા હાઇપોથીકેશનથી ખરીદ કરેલ હતો, જેની કિ.રૂા.૨૪, ૦૫,૦૦૦/– નકકી કરેલ,જે ટ્રક ના ફરિયાદીએ રૂા.૫,૪૪,૪૩૦/– કે જે ટ્રક ની ડાઉનપેમેન્ટની રકમ આરોપીને ચુકવી આપેલ અને વાહનનો કબજો ફરિયાદીને સોપી આપેલ.ત્યારબાદ તે વાહન સાથે અકસ્માતનો બનાવ બનેલ અને વાહન ટોટલ લોસ થઇ ગયેલ અને ઇન્સ્યોરન્સ કં.નું ફોર્મ પંચનામુ કર્યા બાદ ભરેલ.પરંતુ વાહનના હપ્તા બાકી હોય ઇન્સ્યોરન્સની જે કાઇ રકમ આરોપીના ખાતામાં જમા થાય, જે રકમ ફરિયાદીને ચુકવી આપવાની શરતે અને વિમા કંપની દ્વારા જે ફોર્મ ભરવામાં આવેલ હતુ તે ફોર્મના અનુસંધાને વિમા કંપની તરફથી સદર ગાડીના અકસ્માત વળતર પેટે કુલ રૂા.૧૯,૫૦, ૦૦૦/–આરોપીના એકાઉન્ટમાં વિમા કંપની દ્વારા જમા કરવામાં આવેલા. તે પૈકી રૂા.૧૨,૫૦,૦૦૦/– કટકે કટકે રોકડા આરોપીએ ફરિયાદીને ચુકવી

આપેલા અને બાકી રકમ રૂા.૭,૦૦,૦૦૦/- ચુકવવા અંગે અવાર નવાર ઉઘરાણી કરતા આરોપીએ ફરિયાદીને સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, સરવા શાખા, બોટાદનો તા.૧૮/૦૧/૨૦૨૪ નારોજનો ચેક નં.૦૧૦૭૭૪નો રૂા.૧,૦૦, ૦૦૦/-નો ચેક ફરિયાદીના નામ જોગ આપેલ.ફરિયાદીએ સદરહુ ચેક પોતા ની બેંકમાં જમા કરાવતા સદર ચેક તા.૧૯/૦૧/૨૦૨૪ નારોજ "ફંડસ ઈન સફીશીયન્ટ" ના શેરા સાથે પરત આવેલ. ત્યારબાદ ફરિયાદીએ આરોપીના કહેવાથી સદરહુ ચેક ફરીથી પોતાની બેંકમાં જમા કરાવતા સદરહુ ચેક તા. ૨૯/૦૨/૨૦૨૪ નારોજ "ફંડસ ઈનસફીશીયન્ટ" ના શેરા સાથે પરત ફરતા ફરિયાદીએ તા.૦૨/૦૩/૨૦૨૪ નારોજ તેમના વકીલશ્રી મારફતે આરોપીના સરનામે નોટિસ આપેલ, જે નોટિસ આરોપીને બજી ગયેલ છે. આમ, સદર નોટિસ આરોપીને બજી ગયેલ હોવા છતા ચેકની રકમ પરત કરેલ નથી અને નોટિસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી ફરિયાદીએ સદર ફરિયાદ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૮ અન્વયે કરેલ છે.

**કોર્ટ કાર્યવાહી:**

**૦૨.** **(૨.૧)** આ કામે હાલની ફરિયાદ અત્રેની કોર્ટમાં દાખલ થતા, મારા પુરોગામી વિ.એડી.ચીફ.જયુડી.મેજી.સાહેબે ફરિયાદીનું વેરીફીકેશન લઈ આરોપી વિરૂધ્ધ નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ-૧૩૮ મુજબ ના ગુનાનું કોગ્નીઝન્સ લઈ પ્રોસેસ કાઢવાનો હુકમ કરેલો અને આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થતા,ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ ફરિયાદપક્ષ ના તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૨.૨)**જે બાદ આરોપીને તેઓ સામેના ગુનાનો સારાંશ વાંચી, સમજાવી, સંભળાવી **આંક-૭** થી સમન્સ ટ્રાયેબલ ફોર્મમાં પ્લી રેકર્ડ કરેલ છે.જે બાદ ફરિયાદપક્ષે તેઓના કેસની હકીકતો પુરવાર કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન :**

**૦૩.** તેઓએ ચાલુ કાર્યવાહી દરમ્યાન ચેકની રકમ ભરપાઈ કરી દીધેલ છે.

**દલીલો:**

**૦૪.** **ફરિયાદપક્ષે** રજુઆત કરેલ છે કે, આરોપી પાસેથી કુલે રૂા. સાત લાખ લેવાના નીકળે છે. તે પૈકી આરોપીએ હાલ નો ચેક આપેલ છે. તેઓ પાસે હવે આરોપીનો કોઈ ચેક નથી. તે સંજોગોમાં સમાધાન કરી લેવામાં આવે કે, આરોપી ની કબુલાત લઈ લેવામાં આવે તો તેઓ ને વ્યાપક નુકશાન જાય તેમ છે, કારણકે આરોપી પાસે ચેકની રકમ કરતાં વધારે રકમ લેવાની નીકળે છે. તે

સંજોગોમાં સદર કેસ ની આગળ ની કાર્યવાહી કરી આરોપીને યોગ્ય નશ્ચત કરવામાં આવે તેવી રજુઆત કરેલ છે.

૦૫. **આરોપીપક્ષે** જણાવેલ છે કે, તેઓએ ચેક ની રકમ ભરપાઇ કરી દીધેલ છે. ફરીયાદી જણાવે છે, તેવી કોઇ રકમ બાકી નથી. તેથી યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

**આરોપી વિરૂધ્ધનું તહોમત/મુદ્દાઓ :**

૦૬. ઉપરોકત રજુ થયેલ પુરાવા તથા કેસની હકીકત ધ્યાનમાં લઇ સદર કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧. શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે,આરોપીએ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, સરવા બ્રાંચ, જિ.બોટાદનો તા.૧૮–૦૧–૨૦૨૪ ના રોજનો ચેક નં.૦૧૦૭૭૪ નો રૂા.૧,૦૦,૦૦૦/–પુરાનો કાયદેસરના દેવા અને જવાબદારી અદા કરવા માટે આપેલ અને તે ચેક આરોપીના ખાતામાં " ફંડસ ઈનસફીશીયન્ટ " ના કારણે સ્વીકાર થયેલ નહી, જેની લેખિત નોટિસ આરોપી ને મોકલાવેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાંની ચુકવણી સમયમર્યાદામાં ન કરીને ધી.નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?**

**૨. શું હુકમ ?**

ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧. હકારાત્મક,**

**૨. આખરી હુકમ મુજબ.**

## ન્યાય નિર્ણય

૦૭. સદર કેસ ફરિયાદપક્ષે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ (જેને હવે પછી એન.આઇ.એકટ–૧૩૮ તરીકે સંબોધેલ છે) મુજબ મુકેલ હોય સદર કલમ ધ્યાને લેતાં,

**કલમ–: ૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળના કારણે ચેકનો અસ્વિકાર થયા બાબતે**
*કોઇ વ્યકિતએ, કોઇ દેવુ અથવા જવાબદારી પૂરેપૂરી અથવા તેના કોઇ ભાગમાંથી મુકત થવા માટે, બીજી વ્યકિતને બેન્કર પાસે પોતે રાખેલા ખાતામાંથી નાણાંની કોઇ રકમની ચુકવણી કરવા માટે, લખેલો તે ખાતાનો કોઇ ચેક, તે ખાતામાં જમા રહેલી રકમ ચેકનો સ્વીકાર કરવા માટે અપુરતી હોવાના કારણે અથવા તે રકમ તે બેંક સાથે કરેલા કરાર મુજબ તે ખાતામાંથી ચુકવવાની વ્યવસ્થા કરવામાં આવી હોય તે રકમ કરતા વધારે હોવાના કારણે, બેંકે વણચુકવાયેલ પરત કરેલ હોય, તો તેવી વ્યકિતએ ગુનો કર્યો હોવાનું ગણાશે અને આ અધિનિયમની બીજી કોઇ પણ જોગવાઇને બાધ આવ્યા સિવાય, તેને બે વર્ષની મુદત સુધીની કેદની અથવા ચેકની બમણી રકમ સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવી જોઇશે, પરંતુ,*

*(ક) ચેક, તે લખવામાં આવ્યો હોય તે તારીખથી છ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત, બેમાંથી જે વહેલી તે મુદતની અંદર, બેંકમાં રજુ કરવામાં આવ્યો હોય તે સિવાય,*
*(ખ) વણચૂકવાયેલ પરત ફર્યાની સંબંધિત બેંક તરફથી માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર, ચેકના નાણાં લેનાર અથવા ચેકના યથાક્રમ*

*ધારક, સદરહુ નાણાંની રકમની ચુકવણી માટે માંગણી કરતી લેખિતમાં નોટિસ ચેક લખનાર ઉપર કાઢે તે સિવાય, અને*
*(ગ) સદરહુ નોટિસ મળ્યાના પંદર દિવસની અંદર, સદરહુ નાણાંની રકમની ચુકવણી ચેકના નાણાં લેનાર અથવા યથાપ્રસંગ, ચેકના યથાક્રમ ધારકને કરવામાં સદરહુ ચેક લખનાર નિષ્ફળ જાય તે સિવાય, આ કલમનો કોઈપણ મજકુર લાગુ પડશે નહી.*
*સ્પષ્ટીકરણ:- આ કલમના હેતુ માટે " દેવા અને બીજી જવાબદારી " એટલે કાયદેસર અમલકરી શકાય તેવા દેવા અથવા બીજી જવાબદારી.*

૦૮. સદર કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

**(૮.૧)** ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે **ફરિયાદી અશોકભાઈ તોલારામ રાજાઈ** નાઓએ આંક-૪ થી પોતાની સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે,

* તેઓએ તા.૧૨/૦૪/૨૦૧૭ ના રોજ નોટરાઈઝ વેચાણ કરાર નં.૧૮૨ (આંક-૧૩)થી આરોપીના કબજા ભોગવટા અને માલીકીનો અશોક લેલન્ડ ટ્રક નં.જી.જે.૦૩ બી.ટી.૯૫૧૧ જેનો મોડલ નં.૨૦૧૫ તે ટ્રક આરોપીએ ચોલા મંડલમ ફાઈનાન્સ કંપની દ્વારા હાઈપોથીકેશનથી ખરીદ કરેલ હતો, જેની કિ.રૂા.૨૪,૦૫,૦૦૦/- નકકી કરેલ. જે વાહનનો માસિક હપ્તો રૂા.૬૮,૯૧૦/- ના કુલ ૨૭ હપ્તા ભરપાઈ કરવાના બાકી હતા.

*જે ટ્રક ના તેઓએ રૂા.૫,૪૪,૪૩૦/- કે જે ટ્રકની ડાઉન પેમેન્ટની રકમ આરોપીને ચુકવી આપેલ અને વાહનનો કબજો તેઓને સોપી આપેલ. જેનો આરોપી અને તેઓ વચ્ચે વેચાણ કરાર નોટરી સમક્ષ સાક્ષી તથા આરોપી અને તેઓની હાજરીમાં પુર્ણ કરેલ.

*ત્યારબાદ તે વાહન સાથે અકસ્માતનો બનાવ બનેલ અને વાહન ટોટલ લોસ થઈ ગયેલ અને સદર વાહનનો વિમો શરુ હોય વિમા કંપનીએ એ અંગેનું ઈન્સ્યોરન્સ કં.નું ફોર્મ પંચનામુ કર્યા બાદ ભરેલ. પરંતુ વાહનના હપ્તા બાકી હોય ઈન્સ્યોરન્સની જે કાઈ રકમ આરોપીના ખાતામાં જમા થાય, જે રકમ તેઓને ચુકવી આપવાની શરતે અને વિમા કંપની દ્વારા કરવામાં આવેલ નોટરાઈઝ કલેઈમ ફોર્મ તથા આરોપીનું ખાતુ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, સરવા ખાતાનો કેન્સલ ચેક કલેઈમ ફોર્મ સાથે રજુ કરેલ.

* વિમા કંપની દ્વારા ભરવામાં આવેલ હતુ તે ફોર્મના અનુસંધાને વિમા કંપની તરફથી સદર ગાડીના અકસ્માત વળતર પેટે કુલ રૂા.૧૯,૫૦,૦૦૦/- આરોપીના એકાઉન્ટમાં વિમા કંપની દ્વારા જમા કરવામાં આવેલા. તે પૈકી રૂા.૧૨,૫૦,૦૦૦/- કટકે કટકે રોકડા આરોપીએ તેઓને ચુકવી આપેલા અને બાકી રકમ રૂા.૭,૦૦,૦૦૦/- ચુકવવા અંગે અવાર નવાર ઉઘરાણી

કરતા આરોપીએ તેઓને સૈરાષ્ટ્ર ગ્રામીણ બેંક, સરવા શાખા, બોટાદનો તા.૧૮/૦૧/૨૦૨૪ નારોજનો ચેક નં.૦૧૦૭૭૪ નો રૂ.૧,૦૦,૦૦૦/- નો ચેક તેઓના નામ જોગ ત્રણ ચેક લખી આપેલા.(આંક-૧૫) આરોપીએ એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે, જયારે સદરહુ ચેક તમારા ખાતામાં જમા કરાવશો ત્યારે ચેકમાં લખેલ રકમ તમોને મળી જશે.

*સદરહુ ચેક તેઓએ તેમની બેંક, આઇ.સી.આઇ.સી.આઇ.બેંક, ભાવનગરમાં તા.૧૮/૦૧/૨૦૨૪ નારોજ જમા કરાવતા સદર ચેક તા.૧૯/૦૧/૨૦૨૪ નારોજ "ફંડસ ઇનસફીશીયન્ટ" ના શેરા સાથે પરત આવેલ. જે અંગેની આરોપીને ટેલીફોનીક જાણ કરતા, આરોપીએ જણાવેલ કે હું કહુ તે તારીખે તમો ચેક જમા કરશો જેથી તમોને તમારી બાકી રકમ મળી જશે. તેથી આરોપીના કહેવાથી ફરીથી તા.૨૮/૦૨/૨૦૨૪ નારોજ, તેઓની બેંક આઇ.સી.આઇ.સી.આઇ. બેંક ભાવનગરમાં જમા કરાવતા સદરહુ ચેક તા.૨૯/૦૨/૨૦૨૪ નારોજ " ફંડસ ઇનસફીશીયન્ટ " ના શેરા સાથે પરત ફરેલ. (આંક-૧૬)

* સદરહુ ચેક પરત ફરતા તેઓએ આરોપીનો સંપર્ક કરતા આરોપીએ સંતોષકારક જવાબ આપેલ નહી. તેથી આરોપીને તા.૦૨/૦૩/૨૦૨૪ નારોજ તેમના વિ.વકીલ શ્રી મારફતે આરોપીના સરનામે નોટિસ મોકલાવેલ. જેમાં તેઓના વિ.વ.શ્રીની સહી છે. (આંક-૧૭)

*સદર નોટિસ રજી.પોસ્ટથી મોકલાવેલ તે બાબતની પોસ્ટ ખાતાની સફેદ પાવતી રજુ કરેલ છે. (આંક-૧૮)

*સદર નોટિસ આરોપીને તા.૦૪/૦૩/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. (આંક-૧૯) આમ, આરોપીને નોટિસ બજી ગયેલ હોવા છતા આરોપીએ સદર ચેકના નાણાં ચુકવી આપેલ નથી કે નોટિસનો કોઇ જવાબ આપેલ નથી.

૦૯. સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં, બચાવપક્ષે હાજર થયેલ અને તેઓ નુ નિવેદન નોંધવામાં આવતા તેઓએ ઇન્કાર કરતાં સદર કામ ફરીયાદીની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ. ત્યાબરબાદ બચાવપક્ષે વાદગ્રસ્ત ચેકની રકમ તેઓ જમા કરાવવા તૈયાર હોય,આંક- ૨૮ થી પુરસીસ આપી જણાવેલ છે કે, ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ રૂા.૧,૦૦,૦૦૦/- અન્વયે દાખલ કરેલ હોય અને તેઓ વાદવાળા ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/- ફરિયાદીને નામ. સુપ્રિમ કોર્ટના " સંજાબીજ તારી વિ. કિશોર એસ. બોટકર વિગેરે તથા દામોદર એસ. પ્રભુ વિ.સૈયદ બાબાલાલ " ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ ગાઇડ લાઇન મુજબ નામ. કોર્ટમાં જમા કરાવવા માંગતા હોય, સદર રકમ નાઝરશ્રીને જમા

લેવા હુકમ કરવા અરજ કરેલ છે.સદર અરજી તળે રકમ જમા લેવા હુકમ કરવામાં આવેલ છે.

*નામ.સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં SANJABIJ TARI VERSUS KISHORE S. BORCAR & ANR {2025 INSC 1158} ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

38. Since a very large number of cheque bouncing cases are still pending and interest rates have fallen in the last few years, this Court is of the view that it is time to 'revisit and tweak the guidelines'. Accordingly, the aforesaid guidelines of compounding are modified as under:-

(a) If the accused pays the cheque amount before recording of his evidence (namely defence evidence), then the Trial Court may allow compounding of the offence without imposing any cost or penalty on the accused.

(b) ******

(c) *****

(d) *****

39. This Court is of the view that if the Accused is willing to pay in accordance with the aforesaid guidelines, the Court may suggest to the parties to go for compounding. If for any reason, the financial institutions/complainant asks for payment other than the cheque amount or settlement of entire loan or other outstanding dues, then the Magistrate may suggest to the Accused to plead guilty and exercise the power under Section 255(2) and/or 255(3) of the Cr.P.C. or 278 of the BNSS, 2023 and/or give the benefit under the Probation of Offenders Act, 1958 to the Accused.

તેના અનુસંધાને **પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ-૧૯૫૮** ની કલમ-૩,૪, અને ક.૫ ની જોગવાઈઓ ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.

**૩. સજા આપ્યા પછી ચોક્કસ ગુનેગારોને મુક્ત કરવાની કોર્ટની સત્તા.**—જ્યારે કોઈ વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ અથવા કલમ ૩૮૦ અથવા કલમ ૩૮૧ અથવા કલમ ૪૦૪ અથવા કલમ ૪૨૦ હેઠળ સજાપાત્ર ગુનો કર્યો હોય, (૧૮૬૦નો ૪૫) અથવા ભારતીય દંડ સંહિતા અથવા **અન્ય કોઈપણ કાયદા હેઠળ બે વર્ષથી વધુ ન હોય તેવી કેદની સજા અથવા દંડ અથવા બંનેની સજાપાત્ર કોઈપણ ગુનો કરે છે,** અને તેની સામે અગાઉ કોઈ દોષિત ઠેરવવામાં ન આવે અને જે કોર્ટ દ્વારા તે વ્યક્તિ દોષિત ઠરે છે તેનો અભિપ્રાય છે કે, ગુનાની પ્રકૃતિ અને ગુનેગારના ચારિત્ર્ય સહિત કેસની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, આવું કરવું યોગ્ય છે, તો, હાલમાં અમલમાં રહેલા કોઈપણ અન્ય કાયદામાં કંઈપણ હોવા છતાં, કોર્ટ, તેને કોઈપણ સજા ફટકારવા અથવા **કલમ ૪ હેઠળ સારા વર્તનના પ્રોબેશન પર મુક્ત કરવાને બદલે, સજા ફટકારવા પછી તેને મુક્ત કરી શકે છે.**

સમજૂતી.—આ કલમના હેતુઓ માટે, કોઈ વ્યક્તિ સામે અગાઉ થયેલી સજામાં આ કલમ અથવા કલમ ૪ હેઠળ તેની વિરુદ્ધ કરવામાં આવેલા કોઈપણ અગાઉના આદેશનો સમાવેશ થશે.

**૪. સારા વર્તનના પ્રોબેશન પર અમુક ગુનેગારોને મુક્ત કરવાની કોર્ટની સત્તા.**

**(૧)** જ્યારે કોઈ વ્યક્તિ મૃત્યુદંડ અથવા આજીવન કેદની સજા ન થઈ શકે તેવા ગુના માટે દોષિત ઠરે છે અને જે કોર્ટ દ્વારા તે વ્યક્તિને દોષિત ઠરે છે

તેનો અભિપ્રાય છે કે,ગુનાની પ્રકૃતિ અને ગુનેગારના ચારિત્ર્ય સહિત કેસની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, તેને સારા વર્તનના પ્રોબેશન પર મુક્ત કરવું યોગ્ય છે, તો, તે સમયે અમલમાં રહેલા કોઈપણ અન્ય કાયદામાં કંઈપણ હોવા છતાં, કોર્ટ તેને તાત્કાલિક કોઈપણ સજા ફટકારવાને બદલે, જામીનદાર સાથે અથવા તેના વગર, જામીન પર મુક્ત થવાનો નિર્દેશ આપી શકે છે, કોર્ટ નિર્દેશિત કરી શકે તે સમયગાળા દરમિયાન, ત્રણ વર્ષથી વધુ ન હોય ત્યારે હાજર રહેવા અને સજા ભોગવવા માટે, અને તે દરમિયાન શાંતિ જાળવવા અને સારા વર્તન માટે:

પરંતુ કોર્ટ ગુનેગારને આવી મુક્તિનો નિર્દેશ આપશે નહીં સિવાય કે તે સંતુષ્ટ થાય કે ગુનેગાર અથવા તેના જામીનદાર, જો કોઈ હોય, તે જગ્યાએ નિવાસસ્થાન અથવા નિયમિત વ્યવસાય ધરાવે છે જ્યાં કોર્ટ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે. અથવા જેમાં ગુનેગાર તે સમયગાળા દરમિયાન જીવે તેવી શક્યતા છે જે દરમિયાન તે બોન્ડમાં દાખલ થાય છે

(૨)

(૩)

(૪)

(૫)

**૫. મુક્ત કરાયેલા ગુનેગારોને વળતર અને ખર્ચ ચૂકવવાનો આદેશ આપવાની કોર્ટની સત્તા.**

(૧) કલમ ૩ અથવા કલમ ૪ હેઠળ ગુનેગારને મુક્ત કરવાનો નિર્દેશ આપતી કોર્ટ, જો યોગ્ય લાગે, તો તે જ સમયે તેને ચૂકવવાનો નિર્દેશ આપતો વધુ આદેશ આપી શકે છે–

(ક) ગુનાના આચરણથી કોઈપણ વ્યક્તિને થયેલા નુકસાન અથવા ઈજા માટે કોર્ટ વાજબી માને તેવું વળતર; અને

(ખ) કાર્યવાહીનો ખર્ચ જે કોર્ટ વાજબી માને તેવું.

(૨) પેટા–કલમ (૧) હેઠળ ચૂકવવાનો આદેશ આપવામાં આવેલી રકમ કોડની કલમ ૩૮૬ અને ૩૮૭ ની જોગવાઈઓ અનુસાર દંડ તરીકે વસૂલ કરી શકાય છે.

**૧૦.** **(૧૦.૧)** ઉપરોકત તમામ ચર્ચાને આધીન આરોપીનાએ ધી એન.આઇ.એકટ ની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું ફલિત થાય છે. તે સંજોગોમાં ફરિયાદપક્ષે મુકેલ આક્ષેપો આરોપી સામે વાજબી શંકાથી પર પુરવાર કરેલ હોય મુદ્દા નં.(૧) નો જવાબ હકાર માં ઠરાવવામાં આવે છે. પરંતુ,સદર કામ હાલ ફરીયાદીની ઉલટતપાસ ના તબકકે છે અને આરોપીપક્ષ નો પુરાવો શરૂ થયેલ ના હોય, ઉપરોકત નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિંધ્ધાંત પ્રમાણે આરોપી ને પ્રોબેશન અંગેનો લાભ આપવો ન્યાયોચિત જણાય આવે છે.

(૧૦.૨) ફરીયાદપક્ષે ઉપર મુજબ ની રજૂઆત કરેલ છે. પરંતુ ફરીયાદ હકિકત વંચાણે લેતાં, આરોપીએ મુળ કંપની પાસે થી લોન મેળવી ટ્રક ની ખરીદી કરેલ જે ફરીયાદીએ ખરીદ કરેલ છે, જે ટ્રક નો અકસ્માત થતાં ટોટલ લોસ થયેલ અને વિમા કંપનીએ રકમ આપેલ તેમાં થી રૂા.૧૨,૫૦,૦૦૦/– આરોપીએ ચુકવી આપેલ છે અને બાકીની રકમ રૂા.૭,૦૦,૦૦૦/– માટે હાલ નો ચેક આપેલ છે. હવે તે તમામ બાબતના કોઇ દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. તેમજ ફરીયાદીએ જે વેચાણ કરેલ છે, તેમાં તેઓએ સદર ટ્રક નો કબજો તા.૧/૬/૨૦૧૬ ના રોજ લીધેલ છે, જયારે તેઓએ પ્રથમ લોન નો

હપ્તો તા.૧/૪/૨૦૧૭ ના રોજ ચુકવેલ છે. તેમજ તેમાં સદર ટ્રક તે તારીખ અગાઉ રવિભાઈ ચુડાસમાને પણ વેચાણ કરવામાં આવેલ હોવાનો ઉલ્લેખ છે. તે સંજોગોમાં ફરીયાદી જે કુલ રકમ ની વાત કરે છે, તે બાબતે ઘણી અસંગતતા છે. તેમ છતાં, જો તેઓ તેવી રકમ મેળવવા હકદાર હોય તો પણ તે બાબતે તેઓ દિવાની રાહે કાર્યવાહી કરી શકે છે. અત્રેની કોર્ટ ઈચ્છે તો પણ હાલ ના કેસમાં, નેગો કાયદા હેઠળ ની કાર્યવાહીમાં તેવી તમામ રકમ પરત આપવી શકે તેમ ના હોય ન્યાય ના હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે આરોપી **ખેંગારભાઈ વીભાભાઈ સીંધવ** નાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનામાં તકસીરવાર ઠરાવી છ માસ ની સાદી કેદ નો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ દંડ પેટે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) પુરા ભરપાઈ કરવા હુકમ કરવામાં આવે છે અને સદર રકમ ફરીયાદી ને વળતર તરીકે ક્રિ.પ્રો.કો.ક.૩૫૭(૧) તથા પ્રોબે. ઓ. એકટ કલમ–૫(૧) મુજબ ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડ ની રકમ ભરપાઈ ના કરે તો એક (૧) માસની સાદી કેદની સજા નો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ ને સારી વર્તણુક ધરાવવા માટે પ્રોબેશન ઉપર છોડવામાં આવે છે અને આરોપીએ રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ કરવા અને જ્યારે પણ કોર્ટ હાજર થવા હુકમ કરે ત્યારે તેમજ સજા ભોગવવા હુકમ કરવામાં આવે ત્યારે હાજર રહેવુ.

(૪) આરોપીએ જમા કરાવેલ ચેકની રકમ ફરીયાદી ઉપાડવા માટે સ્વતંત્ર છે.

ચુકાદો આજ તા.૧૦ મી, માહે: એપ્રિલ, સને:૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: ભાવનગર
તા.: ૧૦/૦૪/૨૦૨૬

**(જીતેન્દ્રકુમાર પ્રભુદાસ પ્રજાપતિ)**
બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
(સ્પે.નેગો.કોર્ટ–ભાવનગર)
**JUDGE CODE NO.GJ01121**